**CRMA NO.** 11827/2024

**:– આંક – ૧ હેઠળ હુકમ –:**

**(૧)** હાલની અરજી અરજદારે સી.આર.પી.સી.કલમ–૪૫૧/૪૫૭ મુજબ ફ્રોડની રકમ પરત મેળવવા માટે કરેલી છે. આ કામે કેસની ટુંકી હકિકત એવી છે કે અરજદારના **State Bank of India ના** ખાતા નં. **35711016196** માંથી **રૂ.2,87,700/-** રકમ સાયબર ફ્રોડ ધ્વારા ઉપડી ગયેલ. રકમો પૈકીની રકમ **રૂ.61,800/-** સામાવાળાના **State Bank of India ના ખાતા નં. 00000042850063323** માં ટ્રાન્સફર થયેલી. જેથી અરજદારે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા સામાવાળાનુ બેંક ખાતુ ફ્રિઝ કરવામાં આવેલ છે અને તેમાં રહેલ બેલેન્સ રકમ **રૂ.61,800/-** ફ્રિઝ કરવામાં આવેલ છે જે રકમ અરજદારે હાલની અરજી ધ્વારા પરત માંગે છે જે અંગે **પોલીસ ઈન્સ્પેકટર, સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર**નો અભિપ્રાય મંગાવતા તેઓએ અભિપ્રાય મોકલી આપેલ છે કે, અરજદાર સાઈબર ક્રાઈમનો ભોગ બનેલ હોય અને સામાવાળાનુ ઉપરોકત ખાતુ ફ્રિઝ કરવામાં આવેલ છે અને તેમાં રહેલી અને ફ્રિઝ થયેલી રકમ અરજદારને સુપરત કરવામાં આવે તો વાંધો નથી. વિશેષમાં ત.ક.અધિકારીએ જણાવેલ છે કે, સામાવાળાનુ ખાતુ બનાવટી હોવાનુ જણાઈ આવે છે કારણ કે સદરહુ ખાતુ સીઝ કર્યા બાદ ખાતેદાર કે અન્ય કોઈ વ્યકિતએ ખાતુ સીઝ કર્યા બાબત પોલીસ સમક્ષ કોઈ વાંધા–તકરાર લીધેલ નથી. આમ, ત.ક.અધિકારીના અભિપ્ર ાયને ધ્યાને રાખતાં જે ખાતામાં ફ્રોડની રકમ ગયેલ છે તે ખાતુ ફ્રિઝ કરવા છતાં તે અંગે કોઈ ખાતેદારે વાંધો ઉઠાવેલ નથી જે પરથી જણાય છે કે આ ખાતુ ફ્રોડ કરવા માટે જ ખોલાવવામાં આવેલ હશે અને પોતાનુ ફ્રોડ પકડાઈ ન જાય તે માટે ખાતુ સીઝ કરવા છતાં ખાતેદારે પોલીસનો સંપર્ક કરેલ નથી. જેથી પ્રથમદર્શનીય રીતે જણાય છે કે આ ખાતુ ફ્રોડ માટે જ ઓપન કરવામાં આવેલ હશે. જેથી આ ખાતામાં ફ્રિઝ થયેલી રકમ અરજદારના ખાતામાંથી ફ્રોડ ધ્વારા ટ્રાન્સફર થયેલ હોવાથી તે રકમ અરજદારના ખાતામાં પુનઃ ટ્રાન્સફર કરવી જરૂરી છે અને તે રકમ અરજદારને તે રીતે પરત કરવી ન્યાયી અને યોગ્ય જણાય છે જેથી આ અરજી હેઠળ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. સામાવાળાનુ ઉપરોકત ખાતુ સાયબર ક્રાઈમ ધ્વારા સીઝ કરી તેમાં રહેલ રકમ ફ્રિઝ કરવામાં આવે છે જે ખાતાની બેલેન્સ રકમ **રૂ.61,800/-** અરજદારના **State Bank of India ના ખાતા નં. 35711016196** માં ટ્રાન્સફર કરવા માટે **State Bank of**

**India** ને આદેશ કરવામાં આવે છે.

૨. સામાવાળાનુ ઉપરોકત ખાતુ ફ્રિઝ કરેલ હોવાથી અરજદારના ખાતામાં ઉપરોકત રકમ ટ્રાન્સફર કરવા પુરતુ આ ખાતુ એકટીવ કરવુ અને ઉપરોકત રકમ અરજદારના ખાતામાં ટ્રાન્સફર થઈ ગયા બાદ આ ખાતુ કાયમી માટે કલોઝ કરવાનો આદેશ **State Bank of India** ને કરવામાં આવે છે જેથી ભવિષ્યમાં આ ખાતા ધ્વારા અન્ય લોકોની સાથે ફ્રોડ કરવામાં આવે નહિ.

૩. આ હુકમની અમલવારી કરવા માટે **પોલીસ ઈન્સ્પેકટર, સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર**નાઓએ અરજદાર તથા સામાવાળાની બેંક સાથે સંકલનમાં રહી હુકમની અમલવારી કરવી.

હુકમ આજરોજ તારીખ ૧૪ મી, માહે. સપ્ટેમ્બર, સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

તા.૧૪–૦૯–૨૦૨૪
અમદાવાદ શહેર.

**(વી.એ.ધાધલ)**
૬ઠ્ઠા એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ શહેર.

(સી.એસ.પટણી)
(પી.એ.)